# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

## COVID-19 ની પરિસ્થિતિમાં રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક કાર્યક્રમોના પ્રસારણ બાબત

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારી યાદી જણાવે છે કે કોવિડ-૧૯ ની પ્રવર્તમાન પરિસ્થિતિમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માં શાળાઓમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય શરુ થઇ શકેલ નથી. પરંતુ રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓ માટે 'હોમ લર્નિંગ' અંતર્ગત શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ જુન માસથી ચાલુ છે. બાયસેગના માધ્યમથી 'વંદે ગુજરાત' ચેનલ નં.-૫ થી ૧૨ પરથી ધોરણ-૫ થી ૧૨ ના શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ ૨૪ x ૭ કરવામાં આવે છે. દૂરદર્શનની ડી.ટી.એચ. સર્વિસ 'ડી.ડી. ફ્રી ડીશ' પર 'વંદે ગુજરાત'ની ચેનલો ઉપલબ્ધ છે. જે માટે માત્ર એક જ વખત ઈંસ્ટોલેશનનો ખર્ચ કરવાનો થાય છે. ત્યાર બાદ કોઈ પણ પ્રકારનું માસિક શુલ્ક ચૂકવવાનું રહેતું નથી. આ ઉપરાંત, દૂરદર્શનની 'ડી. ડી. ગિરનાર' ચેનલ પરથી ધોરણ-3 થી ૧૨ ના શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવે છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની યુ-ટ્યુબ ચેનલ 'GSHSEB Gandhinagar' પર ધોરણ-૯ થી ૧૨ ના શૈક્ષણિક કાર્યક્રમો તેમજ JEE, NEET ના કાર્યક્રમો અપલોડ કરવામાં આવેલા છે. સમગ્ર શિક્ષાની કચેરી દ્વારા ધોરણ-૯ થી ૧૨ માટે 'વર્ચ્યુઅલ ક્લાસરૂમ' અંતર્ગત શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવે છે. આ શૈક્ષણિક કાર્યક્રમોનો લાભ વિદ્યાર્થીઓ દ્વારા બહોળા પ્રમાણમાં લેવામાં આવે તે માટે શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ તેમજ વાલીઓને વિનંતી કરવામાં આવે છે.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

સ્થળ: ગાંધીનગર
તારીખ: ૨૩/૧૧/૨૦૨૦

તા. 24/11/2020

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લા/શહેરની તમામ શાળાઓ તરફ
વ/- જાણ અર્થે સારૂ.......

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.